પ્રાંતિજના દલપુર પાસે બે પદયાત્રીઓનુ અકસ્માતમાં મૃત્યુ

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના દલપુર પાસે વહેલી સવારે અંબાજી પગપાળા જઈ રહેલ બે પદયાત્રીઓનું અજાણ્યા વાહન ચાલકે અડફેટમાં લેતા બન્નેને

શરીરે ઈજાઓ પહોચતા ઘટનાસ્થળે જ બન્ને કુટુંબી ભાઈઓના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. વાહન ચાલક અકસ્માત સર્જીને અકસ્માત સ્થળેથી ભાગી ગયો હતો.

અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ તાલુકાના દલપુર પાસે વહેલી સવારે છ વાગ્યાના સુમારે અંબાજી પગપાળા સંઘ મહાકાલી યુવક મંડળ ચવલતજ મઠ તા. દસ્કોઈ જી. અમદાવાદથી છેલ્લા ૨૭ વર્ષથી પગપાળા જતો સંઘ અંબાજી જાય છે. છેલ્લાં છ વર્ષથી સંઘમા જતા બે કુટુંબી ભાઈઓ રાત્રી સંઘમા પ્રાંતિજના જેસંગપુરા ખાતે રાત્રીનુ રોકાણ કરી વહેલી સવારે અંબાજી તરફ પગપાળા જતા હતા તે સમયે વહેલી સવારે કોઈ અજાણ્યો વાહનચાલક ફુલ ફાસ્ટ બેદરકારી રીતે હંકારી લાવી આગળ રોડની સાઈડમાં જતાં અલ્પેશ અભેસિંહ ઝાલા ઉ. વર્ષ આશરે ૧૯ તથા દિલીપ બાબુબાઈ ઝાલા ઉ.વર્ષ આશરે -૧૮ બન્ને રહે. ચવલતજ મઠ તા.દસ્કોઈ જી. અમદાવાદ બન્નેને અજાણ્યા કારચાલકે ટક્કર મારી અડફેટે લેતા પગપાળા જઈ રહેલ બન્નેને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તેવોનુ ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. અજાણ્યો વાહન ચાલક ત્યાંથી પોતાનું વાહન નંબર- ડીએલ.૦૧.એનએ.૦૭૬૫ લઈને નાસી ગયો હતો. અકસ્માત અંગેની જાણ પ્રાંતિજ પોલીસને થતાં પ્રાંતિજ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે જઈ આગળની તપાસ હાથ ધરી હતી. આ અંગેની ફરીયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મૃતક યુવાનોના કાકા ધુળાભાઈ પ્રભાતભાઈ ઝાલા ઉ.વર્ષ- ૪૧ રહે. ચવલતજ મઠ તા. દસ્કોઈ દ્વારા કરતાં પ્રાંતિજ પોલીસે અજાણ્યા વાહન ચાલકનો નંબર લખી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

મોડાસાના રિદ્ધિ-સિદ્ધિ ગણપતિ મંદિર નજીક સ્વચ્છતા અભિયાનના ધજાગરા

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છતા અભિયાનમાં મોટા પાયે ફોટો શેસન બની રહેતા સ્વચ્છતા અભિયાનનો સોથ વળી ગયો હોય તેમ શહેરી વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર ઠેર કચરાના ઢગ અને ગંદકીથી ખદબદી રહ્યા છે. ત્યારે મોડાસા શહેરના ડીપ વિસ્તારમાં આવેલા રિદ્ધિ-સિદ્ધિ મંદિર નજીક પાણીની રેલમછેલ અને ગંદકીથી ખદબદતો વિસ્તારથી ભક્તોની આસ્થાને ઠેસ પહોંચી રહી છે. ડીપ વિસ્તારમાં નગરપાલિકાના જાહેર પાણીના નળ તૂટી જતા પાણી રોડ પર રેલાતા પાણીનો વેડફાટ થવાની સાથે સતત પાણી ભરાઈ રહેતા ગંદકીથી ખદબદતા અને અસહ્ય દુર્ગંધ અને મચ્છરજન્ય રોગચાળામાં ભક્તો સપડાવાનો ભય પેદા થતા નગરપાલિકાતંત્ર દ્વારા તાત્કાલિક નળનું રીપેરીંગ કામ હાથધરી ગંદકી દૂર કરવામાં આવેની માંગ પ્રબળ બની છે. મોડાસાના ડીપ વિસ્તારમાં આવેલા અતિપ્રાચીન રિદ્ધિ-સિદ્ધિ ગણપતિ મંદિરમાં હાલ ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવતા મોટી સંખ્યામાં ભક્તોનો ધસારો જોવા મળી રહ્યો છે. બીજીબાજુ નજીકમાં પાણીની રોડ પર રેલમછેલ અને ગંદકીથી ભક્તો તોબા પોકારી ઉઠ્યા છે. મોડાસા નગર પાલિકા મસ્ત મોટા સ્વચ્છતાના દાવા કરતી હોય પરંતુ વાસ્તવિકતા કંઈક વિપરિત જ છે. મોડાસા પાલિકા તંત્રના કાન ભલે કંઈ વાત ન પહોંચતી હોય પરંતુ હવે તો મોતિયાના પણ એંધાણ આવી ગયા હોય તેવું લાગી રહ્યું છે. છેલ્લા ત્રણથી ચાર મહિનાથી ડિપ વિસ્તારમાં જાહેર શૌચાલય નજીક આવેલા સાર્વજનિક નળની સુવિધા રાખવામાં આવી હતી, પરંતુ કેટલાય સમયથી આ નળ તુટી ગયો છે અને રાત દિવસ પાણીનો વ્યય થઈ રહ્યો છે, આ પાણીને વેડફાટ છે કે સિદ્ધિવિનાયક મંદિર સુધી પાણીનો રેલો પહોંચી જાય છે, એટલું જ નહીં આ પાણીનો જમાવડો એટલો વધી જાય છે કે, આસપાસના વિસ્તારોમાં ગંદકીનું પણ સામ્રાજ્ય વધી જવા પામ્યું છે. પાલિકા તંત્ર દ્વારા ડીપ વિસ્તારમાં મુકવામાં આવેલી મોટી મોટી પાઈપોમાં કેટલાક લોકો ગંદકી કરી રહ્યા છે, એટલું જ નહીં અહીં લઘુશંકા પણ કરવામાં આવી રહી છે. પાલિકા તંત્ર દ્વારા સત્વરે ડીપ વિસ્તારમાં નળ નાખવામાં આવે અને આસપાસના વિસ્તારોમાં ગંદકીનું સામ્રાજ્ય હટાવવામાં આવે તેવી સ્થાનિક લોકોની માંગ છે.

મોડાસામાં ગૌચર બચાવો અભિયાન હેઠળ રેલી, આવેદનપત્ર આપ્યું

અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા ગૌચરમાં ગેરકાયદેસર દબાણ કરનાર શખ્સોથી પશુપાલકોની હાલત કફોડી બની છે. જિલ્લામાં અંદાજે ૮૨૯૫૨ ચો.મી ગૌચર પર દબાણ કરી દીધું છે. જીલ્લા કલેક્ટર દ્વારા દરેક તાલુકા વિકાસ અધિકારીને ગૌચર પર દબાણ હટાવવા આદેશ આપી નક્કર કાર્યવાહીના આદેશ આપવા છતાં ટીડીઓ દ્વારા કાર્યવાહી કરવામાં વિલંબ થતા ''સ્વાભિમાન આંદોલન'' બેનર હેઠળ ''લડેંગે જીતેંગે ગાય-ગાવ ઔર ગૌચર બચાયેંગે'' અને યુવા શક્તિ જાગી હૈના બેનરો અને નારાઓ લગાવી મંગળવારે મોડાસા માર્કેટયાર્ડથી કલેક્ટર કચેરી સુધી રેલી સ્વરૂપે પહોંચી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ગૌચર બચાવવાની માંગ કરી હતી. આ રેલીમાં મોટી સંખ્યામાં મહિલા, બાળકો, યુવાનો અને ખેડૂત અગ્રણીઓ જોડાયા હતા.

મોડાસામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના મોડાસા નગરમાં ટાઉન પોલીસ સ્ટેશન ખાતે આગામી ગણેશ વિસર્જન અને મહોત્સવને લઈને ડીવાયએસપી ફાલ્ગુનીબેન પટેલની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ ગઈ. જેમાં રથયાત્રા સમિતિ, ગણેશોત્સવ સમિતિ અને મહોરમ કમીટીના સભ્યો હાજર રહ્યા હતા. જેમાં ટાઉન પીઆઈ એમ.જે. રબારીએ નગરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને તહેવારો શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવાય તેવા સૌને સહકાર આપવા અપીલ કરી હતી.

હિંગટીયા પાસે બાઈક સ્લીપ ખાઈ જતા કોન્સ્ટેબલનું મોત

હિંમતનગર, તા. ૧૯

પોશીના તાલુકાના ખેરોજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ હિંગટીયા ગામની સીમમાંથી મંગળવારે પસાર થઈ રહેલા ઈડર તાલુકાના મહીવાડા ગામના એક પોલીસ કોન્સ્ટેબલે ગફલતભરી રીતે બાઈક ચલાવી સ્લીપ ખવડાવી દેતા તેમનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. જે અંગેની ફરીયાદ ખેરોજ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે મહીવાડા ગામના બાબુભાઈ મુળાભાઈ વણકરે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ મહીવાડા ગામના અને કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા મિતેશભાઈ મહેશભાઈ કાપડીયાએ મંગળવારે હિંગટીયા ગામની સીમમાંથી બાઈક નં. જીજે.૦૯.ડીસી.૪૨૬૧ને લઈને જતા હતા ત્યારે બાઈકને ગફલતભરી રીતે ચલાવતા આ બાઈક સ્લીપ ખાઈ ગયુ હતુ જેથી ગંભીર ઈજાને કારણે કોન્સ્ટેબલ મિતેશભાઈ કાપડીયાનું મોત નિપજ્યુ હતુ.

આગીયોલની યુવતીનું અપહરણ કરાતા એક વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર તાલુકાના આગીયોલ ગામની એક યુવતીને પાંચ દિવસ અગાઉ હિંમતનગરની આર્ટસ કોલેજમાંથી ગામનો જ એક યુવાન લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી વાલીપણામાંથી ભગાડી ગયાની ફરીયાદ મંગળવારે હિંમતનગર એ.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

અરવલ્લીમાં જિલ્લાકક્ષાની બેડમિન્ટન સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓ અણઘડ વહીવટનો ભોગ બન્યા

મોડાસા, તા. ૧૯

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા બાળકોમાં રહેલી સુસુપ્ત અવસ્થા બહાર લાવવા કલાકુંભ અને ખેલમહા કુંભનું આયોજન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી બીજીબાજુ જીલ્લા રમત-ગમત વિભાગ દ્વારા ખેલાડીઓને પ્રાથમિક સુવિધા પુરી પાડવામાં ઉણુ ઉતારતું હોવાની અનેક બૂમો બહાર આવતી હોય છે. ત્યારે અરવલ્લી જીલ્લામાં રમત-ગમત કચેરી અને અધિકારીના અણઘડ વહીવટનો ભોગ જીલ્લાના બેડમિન્ટનના ખેલાડીઓ બન્યા હોય તેવો ઘાટ સર્જાતા ખેલાડીઓ કોચ અને વાલીઓમાં ઉગ્ર રોષ ભભૂકી ઉઠ્યો હતો.

અરવલ્લી જીલ્લા ખેલ મહાકુંભ-૨૦૧૮ જીલ્લા કક્ષાની બેડમિન્ટન સ્પર્ધા ૧૯-૨૦ સપ્ટેમ્બર ૨૦૧૮ (ભાઈઓ-બહેનો) માં ભાગ લેવા અરવલ્લી જીલ્લામાંથી અંદાજે ૩૦૦ જેટલા ખેલાડીઓ સવારે ૮ વાગ્યાથી મોડાસાના ગેબી મહાદેવ મંદિર સામે ડોક્ટરહાઉસના હોલમાં અને પરિસરમાં ઉમટ્યા હતા. રમત-ગમત વિભાગના વહીવટમાં ભૂલ કે પછી અણઘડ વહીવટના પગલે ૩૦૦ ખેલાડીઓ ચકરાવે ચઢ્યા હતા. ધોમધખતા તડકામાં તપવાનો વારો આવ્યો હતો. તંત્ર દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા પુરી પાડી હતી પરંતુ વહેલી સવારથી ઘરેથી નીકળેલા બાળકો ભૂખ્યા તરસ્યા ટળવળ્યાં હતા અને મોડાસાથી ૨ કિમિ દૂર સ્થળ હોવાથી આજુબાજુમાં બજાર કે ખાવાની ચીજવસ્તુઓ પણ ન મળતા ભારે હાલાકીમાં મુકાયા હતા અને ખેલાડીઓમાં અને વાલીઓમાં ઉગ્ર રોષ ફેલાયો હતો. બાજુમાંથી માઝુમ નદી પસાર થતી હોવાથી અને ઝાડી-ઝાંખરાના લીધે બાળકોની જાનહાની થવાની પણ દહેશત પેદા થતા વાલીઓ ચિંતિત બન્યા હતા.

કાંકરેજ તાલુકાના કંબોઈની બનાસ નદીના પટમાંથી મળ્યું ડમ્ફર

કાંકરેજ, તા. ૧૯

કાંકરેજ તાલુકામાં વર્ષ-૨૦૧૭માં આવેલા ભયાનક પુરમાં

પાણીનો શિકાર બનેલ ડમ્ફર નદીની રેતીના ખોદકામ દરમ્યાન દેખાતાં મશીન ચાલક હેબતાઈ ગયો હતો અને બીજા અન્ય ડ્રાયવરોને જાણ કરવામાં આવી હતી અને લોકો નદીના વહેણની અંદર રેતીમાં ફસાયેલા ડમ્ફરને જોવા દોડી આવ્યા હતા. પરંતુ કાંકરેજ મામલતદાર કચેરીમાં આ બાબતે જાણ કરવામાં આવી ન હોવાથી અનેક પ્રકારની ચર્ચાઓ જાગી છે. જોકે આ ઉપરાંત કાંકરેજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણ સાથે ટેલિફોનિક વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે આવી કોઈ પ્રકારની જાણ કરવામાં આવી નથી. ત્યારે પૂર હોનારતમાં આવી ગાડીઓ જે શિકાર બની હતી તે અગાઉ ટોટાણા નદીમાંથી મળી હતી. ત્યારે ગત વર્ષે ચોમાસુ દરમિયાન પૂરહોનારતમાં કમ્બોઈની બનાસ નદીમાં રેતી ભરવા માટે આવેલા ડમ્પર દટાઈ જવા પામ્યો હતો. જોકે ડ્રાયવર પાણી આવતાં ગાડી મૂકી નાસી ગયો હતો. ત્યારે એક વર્ષ સુધી નદીમાં રેતીના પટમાં દટાઈ જવાથી બે દિવસ પહેલા નદીના વહેણની અંદર રહેલા ડમ્પરે દરેકને વિચારોમાં મૂકી દીધા છે અને અત્યારે આવી ઘટના બની પરંતુ તંત્ર દ્વારા કે લીઝ ધારકો દ્વારા કોઈ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. પરંતુ આ ડમ્પરનો માલિક મળે તો તમામ પ્રકારની સાચી ઓળખ ઉભી થઈ શકે તેમ છે.

વાવોલ રેલ્વે ફાટક પાસે ટ્રેનની અડફેટે યુવાનનું મૃત્યું

દિલ્લી મેલ ટ્રેન ગાંધીનગર રેલ્વે સ્ટેશન તરફ આવી રહી હતી તે સમયે વાવોલ ફાટકથી થોડાક જ અંતરે એક યુવાન ટ્રેનની અડફેટે આવી જતા મોત નિપજયું હતું. બનાવને પગલે તાત્કાલીક રેલ્વે પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત માહિતી મુજબ ટ્રેનની અડફેટે આવનાર યુવાન ગાંધીનગર જિલ્લાના મહુન્દ્રા ગામના દિનાજી વિક્રમજી ઠાકોર હોવાનું જાણવા મળ્યું હતું.

વિધાનસભામાં ગાંધીનગર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

● **કલા મહાકુંભમાં નોંધાયેલ સ્પર્ધકો**

ભાજપના ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લા તથા શહેરમાં વર્ષ ૨૦૧૭-૧૮માં યોજાયેલ કલા મહાકુંભમાં કેટલા સ્પર્ધકોએ ભાગ લીધો તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૭-૧૮માં યોજાયેલ કલામહાકુંભમાં ગાંધીનગર જિલ્લા તથા શહેરમાં કુલ ૩૨૭૯ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

મંત્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે વિજેતા થયેલા સ્પર્ધકોને કુલ રૂ. ૪,૦૦,૫૦૦ની રકમના રોકડ પુરસ્કાર ચુકવવામાં આવ્યા હતા.

● **પશુઓને જાતિય આરોગ્ય સારવાર**

ભાજપના દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે ગાંધીનગર જિલ્લામાં પશુઓને જાતિય આરોગ્ય સારવાર કેમ્પોના આયોજન અને સારવાર પામેલા પશુઓની સંખ્યાને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ૩૦-૭-૧૮ની સ્થિતિએ ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના અન્વયે ૨૧૯ સારવાર કેમ્પોનું આયોજન કરાયું હતું.

આ કેમ્પોમાં ૧૭,૦૯૯ પશુઓને જાતિય આરોગ્ય સારવાર આપવામાં આવી હતી.

અમરાઈવાડીના ધારાસભ્ય હસમુખભાઈ પટેલે જિલ્લામાં યોજાયેલ પશુ આરોગ્ય મેળાઓ અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યું છે કે ૩૧-૭-૧૮ની સ્થિતિએ જિલ્લામાં ૯૮ પશુ આરોગ્ય મેળાઓ યોજવામાં આવ્યા હતા. જેમાં ૩૫,૨૦૮ પશુઓને સારવાર આપવામાં આવી હતી. જ્યારે ૧૦,૪૦૭ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું.

● **ખનીજ ચોરીના કેસ**

કોંગ્રેસના રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે ખનીજ ચોરીના કેસો અંગે પુછેલા એક લેકિત પ્રશ્નના ઉત્તરમાં ખનીજ મંત્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૧૨૧ ઈસમો પાસેથી ૪૫૦.૯૯ લાખની રકમ વસુલવાની બાકી છે.

આ પૈકી એક વર્ષથી વસુલવાની દંડની રકમ જે બાકી છે તે રૂ. ૩૩ લાખ છે. બે વર્ષથી વસુલવાની રકમ જે બાકી છે તે ૫૧ લાખ રૂ. અને ત્રણ વર્ષથી બાકી છે તેવી રકમ રૂ. ૩૬૬.૯૯ લાખ રૂ. છે.

મંત્રીએ જણાવ્યું છે કે ખનીજ ચોરીના ઈસમો ઉક્ત રકમ ન ચુકવતા ગાંધીનગર જિલ્લામાં ૫ ઈસમો સામે પોલીસ ફરિયાદ, ૧૦ ઈસમો સામે દંડ વસુલવાનો હુકમ અને ૧૦૭ ઈસમોને દંડ ભરવાની નોટીસ ફટકારવામાં આવી છે.

● અને છેલ્લે...

દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વાહન-વ્યવહાર મંત્રીએ જણાવ્યું છે કે ૧-૭-૧૬ થી ૩૦-૬-૧૭ દરમ્યાન ૨૬૭૨ વાહન ડિટેઈન કરાયા હતા. જ્યારે ૧-૭-૧૭ થી ૩૦-૬-૧૮ દરમ્યાન ૨૯૦૮ વાહન ડિટેઈન કરાયા હતા. આમ બે વર્ષમાં કુલ ૫૫૮૦ વાહનો ડિટેઈન કરાયા હતા.

૧-૭-૧૬ થી ૩૦-૬-૧૭ સુધી આ વાહન માલિકો પાસેથી રૂ. ૧૯૩.૯૪ લાખ રૂ. દંડ વસુલવામાં આવ્યો હતો જ્યારે ૧-૭-૧૭ થી ૩૦-૬-૧૮ સુધીમાં ડિટેઈન કરાયેલ વાહન માલિકો પાસેથી ૨૨૪.૧૨ લાખ મળી બે વર્ષમાં ૪૧૮.૦૬ લાખ રૂ.નો દંડ વસુલવામાં આવ્યો છે.

'અચ્છે દિન'... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પગારના ૨૫ ટકા વધુ મૂળ પગાર વધારો મંજૂર કરવામાં આવ્યો છે. ગુજરાત વિધાનસભા સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, મંત્રીઓ અને વિરોધ પક્ષના નેતાઓના પગાર અને ભથ્થાને લગતા કાયદા વિધેયક, ૨૦૧૮ને ગૃહમાં રજૂ કરતા સંસદીય બાબતોના રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે, દેશના અન્ય રાજ્યોની વિધાનસભાના ધારાસભ્યો સહિત પદાધિકારીઓની સરખામણીમાં ગુજરાત વિધાનસભાના સભ્યો અને પદાધિકારીઓને મળતા પગાર અને ભથ્થા ઓછા છે. વર્ષ- ૨૦૦પથી તેમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. ધારાસભ્યોને જન સંપર્કની કામગીરી અર્થે સતત પ્રવાસો કરવા પડતા હોવાથી અને કાર્યાલય ખર્ચમાં પણ વધારો થયો હોવાથી પગાર-ભથ્થામાં વધારો આવશ્યક બન્યો છે. રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ આ સુધારા વિધેયકને રજૂ કરતા જણાવ્યું કે, હાલમાં ધારાસભ્યોને રાજ્ય સરકારના ઉપ સચિવને મળવાપાત્ર લઘુત્તમ મૂળ પગારને બદલે નાયબ સચિવની કક્ષામાં મળવાપાત્ર લઘુત્તમ મૂળ પગાર મળવાપાત્ર થશે. આ સુધારા અન્વયે ધારાસભ્યોને મળતા એકત્રિત ભથ્થા, ટેલિફોન ભથ્થુ, અંગત મદદનીશ ભથ્થુ, ટપાલ અને લેખન સામગ્રી અને મૂળ પગાર ૫૬,૧૦૦ સહિત પ્રતિમાસ ૭૦,૭૨૭ મળતા હતા તેને બદલે નવી જોગવાઈ મુજબ મૂળ પગાર ૫૬,૧૦૦ના સ્થાને ૭૮,૮૦૦, મોંઘવારી ભથ્થું (હાલ એકત્રિત ભથ્થું) ૪,૬૨૭ના બદલે હવે મોંઘવારી ભથ્થું ૫,૫૧૬, ટેલિફોન ભથ્થું ૪,૦૦૦ના બદલે ૭,૦૦૦, અંગત મદદનીશ ભથ્થું, ૩,૦૦૦ના સ્થાને ૨૦,૦૦૦ તથા ટપાલ અને સામગ્રી ભથ્થું ૩,૦૦૦ના બદલે ૫,૦૦૦ મળીને પ્રતિમાસ ૭૦,૭૨૭ના બદલે હવે ૧,૧૬,૩૧૬ કરવાની જોગવાઈ સૂચવવામાં આવી છે. એટલે કે, ધારાસભ્યોને પ્રતિમાસ ૪૫,૫૮૯ જેટલી વધુ રકમ મળવાપાત્ર થશે. મંત્રીઓ અને વિરોધપક્ષના નેતા સહિતના પદાધિકારીઓને ધારાસભ્યઓને મળતા મૂળ પગાર કરતા ૨૫ ટકા વધુ મૂળ પગાર મળે છે. તેમાં સૂચિત જોગવાઈ અનુસાર મૂળ પગાર ૭૦,૧૨૫ના સ્થાને ૯૮,૫૦૦, એકત્રિત ભથ્થું ૭,૦૦૦ના બદલે ૨૦,૦૦૦, વાહન ભથ્થું ૪,૦૦૦ના બદલે ૭,૦૦૦ મોંઘવારી ભથ્થું ૫,૬૭૯ના સ્થાને ૬,૮૯૫ ચૂકવવામાં આવશે. સભ્ય સિવાયના પદાધિકારીઓને પ્રતિમાસ ૮૬,૮૦૪ના બદલે નવી જોગવાઈ મુજબ પ્રતિમાસ ૧,૩૨,૩૯૫ મળવાપાત્ર થશે.

હુકમ થયો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નોંધણીમાં નામ સામેલ કરવા માટે પસંદગીના દસ્તાવેજોની સ્વિકાર્યતા અને અસ્વીકાર્યતાના સંબંધમાં કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરવાની રહેશે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ એનઆરસીના પ્રથમ મુસદ્દાને ૩૧મી ડિસેમ્બર અને પહેલી જાન્યુઆરીની અડધી રાત્રિએ જારી કરવામાં આવ્યા હતા તે વખતે ૩.૨૯ કરોડ અરજીદારો પૈકી ૧.૯ કરોડ લોકોના નામ સામેલ કરવામાં આવ્યા હતા. આસામમાં ૨૦મી સદીની શરૂઆતથી બાંગ્લાદેશના લોકોની ઘુસણખોરીની સમસ્યા ઉભી થયેલી છે. ઘુસણખોરોનો મામલો હવે આસામમાં પણ ઉભો થયો છે. આસામમાં એનઆરસીના ડ્રાફ્ટને લઈને જોરદાર જટીલ સ્થિતિ સર્જાઈ છે અને દેશમાં આને લઈને વિવાદ પણ છે.

અકબંધ રહેશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી હતી. કોંગ્રેસ પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ગુલામ અહેમદ મીરે ૧૨મી સપ્ટેમ્બરના દિવસે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, સરકારે કોઈપણ વાસ્તવિકતામાં ધ્યાન આપ્યા વગર પંચાયત ચૂંટણીની ઘોષણા કરી દીધી છે. કોંગ્રેસ પાર્ટી અન્ય રાજકીય પક્ષોની સાથે છે. કેન્દ્ર સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કરીને દર્શાવવું જોઈએ કે, હકીકતમાં ચૂંટણી કરાવવા ઈચ્છે છે કે કેમ. હાલમાં આ સમગ્ર પ્રક્રિયા એક નાટકની જેમ લાગી રહી છે. કોંગ્રેસ પાર્ટીથી પહેલા જમ્મુ કાશ્મીરમાં બે સૌથી મોટી પાર્ટી નેશનલ કોન્ફરન્સ અને પીડીપી દ્વારા પણ ઉપએની તરફેણમાં રજૂઆત કરવામાં આવી ચુકી છે અને ઓક્ટોબર મહિનામાં યોજાનાર સ્થાનિક ચૂંટણીનો બહિષ્કાર કરવાની વાત કરવામાં આવી ચુકી છે. ૧૦મી સપ્ટેમ્બરના દિવસે પત્રકાર પરિષદ યોજીને મહેબુબા મુફ્તીએ કહ્યું હતું કે, તેમની પાર્ટી સ્થાનિક ચૂંટણીમાં ભાગ લેશે નહીં.

વટહુકમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વરિષ્ઠ મહિલા નેતા કોંગ્રેસના મુખ્ય લીડર હોવા છતાં વોટબેંકની રાજનીતિના કારણે અમાનવીય ત્રિપલ તલાકને ખતમ કરવા માટે સંસદથી કાયદો બનાવવાની મંજુરી મળી શકી નથી. પ્રસાદે કહ્યું હતું કે, મુસ્લિમ દેશોમાં ત્રિપલ તલાકમાં પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. દેશની મુસ્લિમ મહિલાઓ ત્રિપલ તલાકને લઈને ખુબ પરેશાન છે. એસસીએ ત્રિપલ તલાકને રદ કરવા કહ્યું હતું કે, આ મામલા પર છ મહિનામાં કેન્દ્રમાં કાયદો બનાવવો પડશે. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ ૨૦૧ મામલા સપાટી ઉપર આવ્યા હતા. આ સંખ્યા જાન્યુઆરી ૨૦૧૭થી ૧૩મી સપ્ટેમ્બર ૨૦૧૮ સુધીની છે. તેમણે કહ્યું હતું કે, ત્રિપલ તલાકના સૌથી વધુ મામલા ઉત્તરપ્રદેશમાં નોંધાયા છે. ઉત્તરપ્રદેશમાં જાન્યુઆરી ૨૦૧૭થી ચુકાદાથી પહેલા ૧૨૬ અને ચુકાદા બાદ ૧૨૦ કેસ સપાટી ઉપર આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં જ ૧૦મી ઓગસ્ટ ૨૦૧૮ના દિવસે રાજ્યસભામાં સર્વસંમતિ ન સધાવવાના લીધે મોનસુન સત્રના છેલ્લા દિવસે ત્રિપલ તલાક બિલ ટળી ગયું હતું. રાજ્યસભામાં સહમતિ નહીં રહેતા નિષ્ફળતા હાથ લાગી હતી.

મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલું

પરંતુ ભિન્ન છે જગમાં ફક્ત તારા થકી હોવું.

શ્રી ભગવતીકુમાર શર્માએ એકએકથી ચડિયાતી અનેક ગઝલો લખી છે. આપણે કરી કરીને કેટલી ગઝલની વાત કરી શકીએ ? પરંતુ હવે જ્યારે કવિશ્રી આપણને છોડીને ચાલ્યા ગયા છે ત્યારે એક ગઝલના ચાર શેરની વાત કર્યા વગર મારાથી નહીં રહેવાય. કયા છે એ શેર ? સાંભળો, છેલ્લા શેરમાં તેમની અંતિમ વિદાયનું કેવું ચિત્ર દોર્યું છે તે તમારી નજર સામે ખડું થાય છે કે નહીં તે કહેશો ?

ઉઘાડાં ધ્વાર છોડીને ગમે ત્યારે હું ચાલ્યો જઈશ;
જગતથી મુખ મરોડીને ગમે ત્યારે હું ચાલ્યો જઈશ.
સ્મરણ એકેય રહેવા નહિ દઉ હું ઘરની ભીંતો પર;
છબીઓ સર્વ ફોડીને ગમે ત્યારે હું ચાલ્યો જઈશ.
કથા પૂરી થવા આવી તો તેના અંતની સાથે;
તમારું નામ જોડીને ગમે ત્યારે હું ચાલ્યો જઈશ.
નદીકાંઠો, સ્વજનની હાજરી, સૂર્યાસ્તની વેળા,
ચિતામાં યાદ ખોડીને ગમે ત્યારે હું ચાલ્યો જઈશ.

લાગણીનો મેળો ● ચોથા પાનાનું ચાલું

દોસ્તો, માનસશાસ્ત્રીય દૃષ્ટિએ જોઈએ તો આવા વર્તન પાછળ વ્યક્તિનો બીજા પર છવાઈ જવાનો છૂપો ભાવ જ કામ કરી જતો હોય છે. આપણા કવિ બાલાશંકર કંથારિયાની 'બોધ' ગઝલ આ સંદર્ભે સુપેરે સમજાવી જાય છે. કવિ હળવી ટકોર કરતાં લખે છે;

'કચેરી માંહી કાજીનો નથી હિસાબ કોડીનો,
જગત કાજી બનીને તું વહોરી ના પીડા લેજે.'

કવિનો સ્પષ્ટ નિર્દેશ છે કે 'જગત કાજી' અર્થાત્ બીજાનો ન્યાય તોળવા કે વણ માગી સલાહ આપવા અધીરા - ઉતાવળા થવાનું માંડી વાળીએ. ઘણીવાર આગેવાન બનવાના અભરખા દઝાડી પણ જતા હોય છે. ગામઠી ભાષામાં કહેવાય છે, 'ભાંજગડીયાનાં છોરાં ભૂખે મરે.' પારકી પંચાત કરવામાં પોતાનાં કામ કે પ્રગતિ અટકી પડે છે. ઘણીવાર તો જાહેર જીવનમાં માથે માછલાં પણ ધોવાય... 'જશના માથે જૂતીયાં' પણ મળે...

મિત્રો, બીજાને મદદગાર બનવું એ એક વાત છે ને બીજાને મૂલવવા મથવું એ બીજી વાત છે. મોટે ભાગે તો મદદગારીમાં સૌ પાછા પડે ને ટીકા - ટિપ્પણ કરવામાં મોખરે રહેતા જોવા મળે છે. બીજાની ગતિવિધિને જોવામાં ને મૂલવવામાંથી નવરાશ જ કયાં મળે છે !! - આમાંથી આપણે મુક્ત થઈ સહજ થવું રહ્યું... કારણ... કવિના જ શબ્દોમાં...

'જગતના કાચના યંત્રે ખરી વસ્તુ ભાસે નહીં,
ન સારા કે નઠારાની સંગતે જરાયે રહેજે.'

સ્પર્શમણિ :

મહાન માણસો વિચાર વિશે ચર્ચા કરે છે.
સરેરાશ માણસો ઘટના વિશે ચર્ચા કરે છે
નાના માણસો લોકો વિશે ચર્ચા કરે છે.

● ● ●

લોકો તમારી સાથે નહીં તમારી સ્થિતિ સાથે હાથ મિલાવે છે.

- rasik